# મોડાસામાં શ્રી કમલમ્-અરવલ્લી ભાજપ કાર્યકર્તાઓને સમર્પિત કરતા સી.આર.પાટીલ

## અરવલ્લીના આંતરીક જૂથવાદ ઉપર આકરી ટકોર કરી, વિરોધીઓ નતમસ્તક દેખાયા







હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧૯ મોડાસામાં દેવદિવાળીના દિવસે શ્રી કમલમ્-અરવલ્લી ભાજપ કાર્યકર્તાઓને ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલે સમર્પિત કર્યું ત્યારે ભારત માતા કી જય..ના જયઘોષ સાથે સમિયાણો ગુંજી ઉઠ્યો હતો. અરવલ્લીના વડામથક મોડાસામાં કાર્યકરો અને આગેવાનો ઉત્સાહથી આવે અને બેસી શકે તેવા હાઈટેક સુવિધાયુક્ત શ્રી કમલમ્-અરવલ્લીના નિર્માણથી પ્રદેશ પ્રમુખે ખુશાલી વ્યકત કરી. જિલ્લા ભાજપ સંગઠનના ઉત્સાહી પ્રમુખ રાજેન્દ્ર પટેલ તેમજ તેમની સમગ્ર ટીમ અને જિલ્લાના આગેવાનો, કાર્યકરોને અભિનંદન પાઠવ્યા હતા. છેલ્લા કેટલાક સમયથી અરવલ્લી જિલ્લા ભાજપમાં આંતરીક જુથવાદ વકર્યો છે. જિલ્લા સંગઠન પ્રમુખનો પ્રદેશમાં જઈ ખોટા ચિતરવાના એકપણ પ્રયાસ નહીં છોડનારા પ્રદેશ પ્રમુખની આસપાસ ગોઠવાયા હતા તે સમયે જ પ્રદેશ પ્રમુખે આંતરીક જૂથવાદ અને કલેશની આડકતરી વાત કરી કોઈપણ નેતા-આગેવાન કાર્યકરનું નામ લીધા વગર ટીકીટ ઈચ્છુક દાવેદારોને ઝાટકતાં કેટલાક જિલ્લાના કહેવાતા નેતાઓ-આગેવાનો નતમસ્તક દેખાયા.

માત્ર વાતો કરવાથી કંઈ કામ થતું નથી. કામ પરીપૂર્ણ કરવા માટે દિવસ-રાત પરીશ્રમ કરવો પડતો હોય છે. રાજ્યના દરેક જિલ્લામાં ભાજપના સુવિધાયુક્ત જિલ્લા કાર્યાલય હોવા જોઈએ તેવી સૂચનાઓ આપવામાં આવી હતી જે અન્વયે છેલ્લા ૩ વર્ષથી કામગીરી ચાલતી આવી હતી પરંતુ અરવલ્લી જિલ્લા ભાજપના વર્તમાન સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલ અને તેમની સંગઠન ટીમના મહામંત્રી ભીખાજી ડામોર, હસમુખભાઈ પટેલ, જગદીશભાઈ ભાવસાર તેમજ વિવિધ સેલ મોરચાના હોદ્દેદારો અને કાર્યકરોએ અનોખી એક્તા દેખાડી સાચા અર્થમાં શ્રી કમલમ્-અરવલ્લીનું સ્વપ્ન સાકાર કર્યું પરંતુ તેમાં વર્તમાન સંગઠન પ્રમુખનો સિંહ ફાળો હતો. તા.૧૯ નવેમ્બરે પ્રદેશ સંગઠન પ્રમુખ સી.આર. પાટીલ, સંગઠન મહામંત્રી રત્નાકરજી, રજનીભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચા પ્રમુખ હિતેષ પટેલ, જિલ્લા પ્રભારી મંત્રી કુબેરસિંહ ડીંડોળ, જિલ્લા ભાજપ સંગઠન પ્રભારી જયશ્રીબેન દેસાઈ, સહપ્રભારી ગીરીશભાઈ જોગણીયા, સાંસદ દિપસિંહ રાઠોડ, પૂર્વ સંગઠન પ્રમુખ ભરતસિંહ રહેવર, રણવીરસિંહ ડાભી સહિત ભાજપના પૂર્વ ધારાસભ્યો અને આગેવાનોની ઉપસ્થિતિમાં નવું સુવિધાયુક્ત શ્રી કમલમ્-અરવલ્લી પ્રજા અને ભાજપના કાર્યકરોને અર્પણ કરાયું ત્યારે ઉપસ્થિત ૫૦૦૦થી વધુની જનમેદનીએ સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલ અને તેમની પ્રગતિશીલ ટીમને તાળીઓના ગડગડાથી વધાવી લીધો હતો. કાર્યક્રમના આરંભે સંગઠન પ્રમુખે સૌને આવકાર્યા હતા ત્યારબાદ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે કેન્દ્રમાં ભાજપની સરકાર છે અને તેનો ગુજરાતને વધુ ને વધુ લાભ મળી રહ્યો છે તેમ જણાવી ગુજરાતમાં મુખ્ય મંત્રી અને તમામ પ્રધાનો બદલાયા પછી તમામ કાર્યકરોને મીઠો આવકાર મળવાની સાથે તેમની યોગ્ય સરભરા થાય છે. આવનારા દિવસોમાં સમગ્ર રાજયમાં ભાજપનું સંગઠન વધુ મજબૂત બનાવવા અને સરકારની યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચે તેવા પ્રયાસમાં લાગી જવા કાર્યકરોને હાકલ કરી હતી. અરવલ્લી જિલ્લામાં સંગઠન સામે વારંવાર બાથ ભીડવી, ખોટી રજૂઆતો કરવી, પોતે મહાન છે તેવું શક્તિ પ્રદર્શન કરનારા લાલચુ આગેવાનોને પ્રદેશ પ્રમુખે રીતસરના આડકતરી રીતે ઝાટકી નાખ્યા હતા અને અરવલ્લી જિલ્લામાં આંતરીક જૂથવાદ ખતમ કરવા માટે આડકતરી ચીમકી આપવાની સાથે ટીકીટની દાવેદારીમાં પણ સંયમ રાખવા આડકતરો ઈશારો કર્યાનું જાણવા મળ્યું છે.

### વર્ષોથી ભાજપને ગાળો ભાંડનારા કાર્યક્રમમાં દેખાયા

સમય સાથે પોતાનો સ્વભાવ બદલનારા ઘણા બધા હોય છે પરંતુ સિદ્ધાંતો સાથે બાંધછોડ કરનારા કોઈ વિરલા જ હોય છે. વર્ષોથી ટાઈમ મળે ત્યારે ભાજપને ગાળો ભાંડવી, ભાજપ સામે કોમવાદના આરોપ મૂકનારાને પ્રજાએ અનેકવાર નિહાળ્યા છે ત્યારે વર્ષોથી ભાજપને ગાળો ભાંડનારા મોડાસામાં શ્રી કમલમ્-અરવલ્લીના લોકાર્પણ સમયે દેખાતાં કાર્યકરોમાં આ મુદ્દો સમી સાંજ સુધી ચર્ચામાં રહ્યો હતો. ભાજપ શક્તિશાળી રાજકીય પક્ષ બન્યો છે અને હવે કોઈ કોંગ્રેસીઓની ભાજપમાં જરૂર નથી અને અરવલ્લીમાં ભાજપ સંગઠને એવું કામ કર્યું છે કે વર્ષ-૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં ત્રણેય બેઠકો આસાનીથી જીતી શકાશે. પક્ષની થીંકટેન્ક દ્વારા પણ હવે કોંગ્રેસીઓનો ભરતી મેળો બંધ કરવો જોઈએ તે અવાજ પ્રદેશ સુધી પહોંચ્યાનું પણ આજે સંભળાતું હતું.

## સાબરકાંઠા જિલ્લામાં ઔદ્યોગિક પ્રદૂષણ વધ્યુ

# ખુદ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ શંકાના દાયરામાં: ભ્રષ્ટાચારની તપાસ થાય તે જરૂરી...

બાયડ, તા. ૧૯ સાબરકાંઠા જિલ્લામાં ઔદ્યોગિક પ્રદૂષણનો ભરડો પ્રજા-મુંગા પશુઓના સ્વાસ્થ માટે ખતરારૂપ બનવા છતાં કોઈ ઠોસ પગલાં ન ભરાતાં ખુદ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ શંકાના દાયરામાં છે. ફરજ પરના અધિકારી અને તેમની ટીમની કામગીરી શંકાના દાયરામાં છે. રાજ્ય સરકાર દ્વારા જિલ્લામાં પ્રદૂષણ ઓકતા એકમો સામે બોર્ડ દ્વારા શું પગલાં ભરાયાં, કેટલી બાબતો લેખીત ફરીયાદ પછી દબાવી તેની તપાસ થાય તો પોલ્યુશન બોર્ડમાં વ્યાપેલો ભ્રષ્ટાચારનો સડો બહાર આવે તેમ છે. જિલ્લામાં ખાણ-ખનિજ પછી પોલ્યુશન બોર્ડમાં અનહદ ભ્રષ્ટાચાર આચરાતો હોવાના લોક આક્ષેપ



જાણીતા છે. જિલ્લામાં હવા તેમજ જમીનમાં અનેક એકમો દ્વારા પ્રદૂષણ ફેલાવવામાં આવે છે. સ્થાનિક ગ્રામજનો, ખેડૂતો દ્વારા ફરીયાદ થાય એટલે ભ્રષ્ટ ટોળકી ખિસ્સાં ભરવા માટેના પેતરા રચી માત્ર નોટીસનું નાટક અને પોતે જ જવાબી કાર્યવાહી કરી ફરીયાદનું ફિંડલુ વાળવાની પરંપરા વર્ષોથી ચાલતી આવી છે. કહેવાય છે કે જિલ્લાના હિંમતનગર-તલોદ-પ્રાંતિજ-ઈડર-ખેડબ્રહ્મા-વડાલીના પ્રદૂષણ ઓકતા એકમોમાં અવારનવાર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની ટીમ આંટાફેરા મારતી હોય છે પરંતુ કયા એકમો સામે શું કાર્યવાહી કરી તેની વિગતો જાહેર થતી નથી. કેટલાક કિસ્સામાં પ્રદૂષણ ઓકતા એકમ સામે ફરીયાદ કરનારને ભ્રષ્ટ અધિકારી જ સમજાવીને સમાધાન કરતા હોવાની લોકચર્ચામાં કોઈ તથ્ય છે કે કેમ તેની પણ તપાસ કરવામાં આવે તો જિલ્લાના પ્રદૂષણ બોર્ડના મુખીયાના અનેક નવા નવા અંદાજ બહાર આવી શકે છે.

### પ્રદૂષણ ઓકતા એકમો ભ્રષ્ટ અધિકારી માટે દૂઝણી ગાય સમાન

જિલ્લામાં ૭૦ થી વધુ ઔદ્યોગિક એકમો કોઈના ડર વગર હવા તથા પાતાળમાં પ્રદૂષણ ફેલાવી રહ્યા છે. દર વર્ષે આવા એકમો ભ્રષ્ટ ટોળકીને સાચવી લેતા હોવાથી માત્ર નોટીસની કામગીરી આપી સંતોષ માની લેવામાં આવે છે. હાલ તો વિભાગના ભ્રષ્ટ અધિકારીઓ માટે પ્રદૂષણ ઓકતા એકમો દુઝણી ગાય સમાન સાબિત થઈ રહ્યા છે.

# બાયડના પૂંજાપુરમાં યુવાનનો હત્યા કરાયેલો મૃતદેહ મળ્યો

## રાત્રે ગુમ થયો, પરોઢે હત્યા, બાયડ પોલીસની નિષ્ક્રિયતા સામે જનઆક્રોશ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯ બાયડ તાલુકાના વસાદરા નજીકના પૂંજાપુરના સચિન પ્રવિણભાઈ પગીનો હત્યા કરાયેલો મૃતદેહ મળી આવતાં પંથકમાં ચકચાર મચી છે. પ્રેમ પ્રકરણ કે પછી



અન્ય કોઈ કારણોસર હત્યા કરવામાં આવી છે તેવા અનેક તાર્કીક કારણોસર પોલીસ હત્યારાઓ સુધી પહોંચવામાં સફળ રહી નથી. પોલીસે ૩ થી ૪ શકમંદોને પૂછપરછ માટે બોલાવ્યાની દિવસ દરમ્યાન ચર્ચા સાંભળવા મળી હતી. બાયડ પોલીસની નિષ્ક્રિયતા સામે જનઆક્રોશ જોવા મળી રહ્યો છે.

જિલ્લામાં બાયડ તાલુકો સૌથી વધુ અસલામત તાલુકા તરીકે પંકાઈ રહ્યો છે. માત્ર ૨૨૦ ગામડા, પેટાપરામાં ૩ પોલીસ સ્ટેશન અને કહેવાતા ચકોર અધિકારીઓની નિયુક્તિ પછી પણ દારૂ, જુગાર, અપહરણ, આત્મહત્યા, વ્યાજખોરોનો ત્રાસ અને હત્યા જેવા ગંભીર બનાવો છતાં જિલ્લા પોલીસ વડા નિષ્ક્રિય અધિકારીઓ સામે ઉચિત પગલાં ભરવામાં પાછી પાની કરતા હોવાની લોકચર્ચા છેલ્લા ૧ વર્ષથી સાંભળવા મળી રહી છે. તાલુકાના પૂંજાપુર ગામની પ્રજા દેવદિવાળી પર્વની ઉજવણીમાં મશગુલ બને તે પૂર્વે ગામના પ્રવિણભાઈ જેમાભાઈ પગીનો પુત્ર કે જે ગાબટ હાઈસ્કુલમાં અભ્યાસ કરે છે તે સચિન પગી ગત રાત્રે કોઈનો મોબાઈલ ફોન આવ્યા પછી આવું છું કહીને નિકળી ગયો હતો અને મોંડી રાત્રિ સુધી પાછો ન આવતાં પરિવારજનો દ્વારા તેની શોધખોળ કરવામાં આવી અને બધા સૂઈ ગયા પરંતુ પરોઢે તેનો મૃતદેહ નજીકના ખેતરમાંથી મળી આવતાં ગામમાં હાહકાર મચી ગયો. પરિવારજનોના કરૂણ આક્રંદથી દેવદિવાળીના દિવસે રાંધેલાં ભોજન રઝળી પડ્યા હતા. કયા કારણોસર હત્યા થઈ તે મુદ્દે અનેક અટકળો ચાલી રહી છે. મોટાભાગે હત્યામાં જમીન અને જોરૂ કારણભૂત હોય છે. આ કિસ્સામાં પણ પોલીસે ખાસ કરીને પ્રેમ પ્રકરણ ઉપર ફોકસ કરી તપાસ શરૂ કર્યાનું અનુમાન લગાવાઈ રહ્યું છે.

### હત્યાનો ગંભીર બનાવ, પોલીસ ૨ કલાક પછી પહોંચી

બાયડ પોલીસ સ્ટેશનમાં વર્ષોથી ચીટકી રહેલો સ્ટાફ ઉઘરાણામાંથી ઉંચો આવતો નથી. કોઈ ગંભીર ઘટના બને એટલે ફરવા નિકળ્યા હોય તે રીતે પહોંચતા હોય છે. તાલુકાના પૂંજાપુરમાં ૧૫ વર્ષના યુવાનની ઘાતકી હત્યા પછી પોલીસને જાણ કરાઈ છતાં બનાવ સામાન્ય હોય તેમ પોલીસ ઘટના સ્થળે પહોંચી ન હતી. બનાવના ૨ કલાક પછી પોલીસ હત્યાના સ્થળે પહોંચી અને તેમાં માત્ર પોલીસ કોન્સ્ટેબલને મોકલીને ઉચ્ચ અધિકારીઓએ સંતોષ માન્યાનું બહાર આવ્યું છે. હત્યા જેવો ગંભીર બનાવ હોવા છતાં ત્વરીત સ્થાનિક પી.એસ.આઈ. કે નાયબ પોલીસ વડા જોવા મળ્યા ન હતા.

## મોડાસા સર્વોદય હાઈસ્કુલના સદ્‌ગત શિક્ષકની પુણ્ય તિથિનું પુણ્ય

# બાયડના જયઅંબે મંદબુદ્ધિ મહિલા આશ્રમમાં ૧૬૦ મહિલાઓને તિથિભોજન કરાવાયું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯ મોડાસા સર્વોદય હાઈસ્કુલના સદ્‌ગત શિક્ષક




કમલેશકુમાર કે. પટેલ(કે.કે.પટેલ)(પુંસરી, તા.તલોદ)ની બીજી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે પરિવારજનોએ અનોખું પુણ્ય મેળવ્યું. બાયડના જયઅંબે મંદબુદ્ધિ મહિલા આશ્રમમાં આ નિમિત્તે ૧૬૦ મહિલાઓને તિથિભોજન આપવાની સાથે આગામી ૧૦ વર્ષ સુધી તિથિભોજન આપવાનો નિર્ણય કરતાં ટ્રસ્ટના સંચાલકોએ સદ્‌ગતના પરિવારની ભાવનાને બિરદાવી હતી.હિન્દુ સંસ્કૃતિમાં મૃત્યુ પછી પણ દાનનો મહિમા ગવાતો આવ્યો છે. ભૂખ્યાને ભોજન અને તરસ્યાને પાણી પીવડાવવાની ભાવના દરેક સનાતની ધર્મીને સંસ્કારમાં મળતી આવી છે. પરિવારમાં સદ્‌ગત સભ્ય પાછળ અન્ય ખર્ચા કરવાને બદલે જરૂરીયાતમંદોને મદદ ઉપરાંત સેવાભાવિ સંસ્થાઓમાં નિરાધાર વ્યક્તિઓને ભોજન પીરસી



સાચુ પુણ્ય મેળવાતું હોય છે. તલોદ તાલુકાના પુંસરીના વતની અને મોડાસા સર્વોદય હાઈસ્કુલના શિક્ષક કમલેશકુમાર કે. પટેલનું નિધન થયાના ૨ વર્ષ પછી પણ શૈક્ષણિક સંકુલ, સબંધીઓ, મિત્રો અને વિદ્યાર્થીઓ તેમના મોતના આઘાતમાંથી બહાર આવી શક્યા નથી. તા.૧૯ નવેમ્બરે બીજી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે બાયડના જયઅંબે મંદબુદ્ધિ મહિલા આશ્રમમાં તિથિ ભોજન આપવામાં આવ્યું. સદ્‌ગતનાં પત્નિ ભગવતીબેન કમલેશકુમાર પટેલે સળંગ ૧૦ વર્ષ સુધી તેમની પુણ્યતિથિ નિમિત્તે ભોજન માટે ટ્રસ્ટને દાન આપ્યું છે. જયઅંબે મંદબુદ્ધિ મહિલા આશ્રમના પ્રમુખ અશોકભાઈ જૈન તેમજ ટ્રસ્ટીગણે સદ્‌ગતના પરિવારજનો કોદરદાસ જેશકરણભાઈ પટેલ, શકરીબેન પટેલ, જય કમલેશભાઈ પટેલ, ક્રિષ્ણા કમલેશભાઈ પટેલ સહિત પરિવારજનોનો તિથિભોજન દાતા બનવા બદલ આભાર માન્યો હતો.

# લાયન્સ ક્લબ બાયડનો દિપાવલી સ્નેહમિલન સમારોહ યોજાયો

## સેવાકીય કાર્યોના આગામી આયોજનની ચર્ચા થઈ



બાયડ, તા. ૧૯

લાયન્સ ક્લબ-બાયડનો દિપાવલી સ્નેહમિલન સમારોહ હોટલ યુનિટીના સભાખંડમાં લાયન્સ ક્લબ-બાયડના પ્રમુખ નરેશચંદ્ર એલ. પરમાર, ડીસ્ટ્રીક્ટ કેબીનેટ ટ્રેઝર અતુલભાઈ જોષી, ડીસ્ટ્રીક્ટ ચેરમેન શૈલેષભાઈ શાહ, કમલેશભાઈ પટેલ, સેક્રેટરી દેવચંદભાઈ પરમાર, લીઓ પ્રમુખ ઋગ્વેદ પટેલ સહીત લાયન્સ-લીઓ સભ્યો અને તેમના પરિવારની હાજરીમાં તા. ૧૭ના રોજ યોજાઈ ગયો.

સર્વ લાયન્સ-લીઓ પરિવારને લાયન્સ ક્લબ-બાયડના પ્રમુખ તથા તેમની ટીમ દ્વારા આવકારી દીપાવલી તેમજ નૂતન વર્ષની શુભકામના પાઠવવામાં આવી. જ્યારે કોરોના કાળમાં પણ લાયન્સ ક્લબ, લીઓ ક્લબ બાયડની સેવાકીય પ્રવૃતિ અવિરત ચાલુ રહી અને તેમાં સહયોગ આપનારા તમામ લાયન્સ-લીઓ મિત્રો તથા દાતાઓનો આભાર માનવામાં આવ્યો. આગામી દિવસોમાં કરવામાં આવનારા સેવાકીય કાર્યોની ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. દિપાવલી સ્નેહમિલુન કાર્યક્રમમાં ડીસ્ટ્રીક્ટ કેબિનેટ ટ્રેઝર અતુલભાઈ જોષી, લાયન્સ નેતા ડૉ. પ્રકાશભાઈ શાહ, પૂર્વ પ્રમુખો તથા તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

# માવઠાના મારથી ખેડૂતો પાયમાલ : ઉત્તર ગુજરાતમાં ૩ ઈંચ સુધી વરસાદથી ખેતીને નુકસાન

## દેવદિવાળી લાખો ખેડૂતો માટે હૈયા હોળી બની

બાયડ (બ્યુરો ઓફિસ) , તા. ૧૯

ખેડૂતોને દર વર્ષે માવઠાના મારથી અગણિત નુકશાન થાય છે. આ વર્ષે પણ હવામાન વિભાગ દ્વારા ૩ દિવસ કમોસમી માવઠાની આગાહી કરવામાં આવી હતી. કેટલાક ખેડૂતો સજાગ રહ્યા, મોટાભાગના ખેડૂતો ગાફેલ રહ્યા જેથી સાબરકાંઠા-અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાના ખેડૂતોની તૈયાર ખેત પેદાસ ભીંજાવાની સાથે બાગાયત પાકને નુકશાન પહોંચ્યું છે. કમોસમી માવઠું ૩ ઈંચ સુધી વરસાદ વરસાવશે તેવી કલ્પના ખેડૂતોને પણ ન હતી. કમોસમી માવઠાએ હિંમતનગર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર, દાંતા, અમીરગઢ સહિતના તાલુકામાં ખેતીને વ્યાપક નુકસાન પહોંચાડ્યાનો અંદાજ છે. કમોસમી માવઠાથી પાયમાલ થયેલા ખેડૂતોને ઊભા કરવા મુશ્કેલ છે ત્યારે સરકાર દ્વારા પાયમાલ ખેડૂતો માટે સહાય પૅકેજ જાહેર થાય તેવી ખેડૂત સંગઠનો - આગેવાનોએ માંગ કરી છે.

# મોડાસા બહુમાળી ભવનના ભ્રષ્ટાચારી “ધવલ” સામે તપાસનો ગાળીયો મજબૂત

## પરપ્રાંતિય વાહનચાલકોએ વિઝીલન્સ કમિશનરમાં રજૂઆત કર્યાની ગરમાગરમ ચર્ચા

બાયડ, તા. ૧૯ મોડાસા બહુમાળી ભવનનો ભ્રષ્ટાચારી ધવલ સામે તપાસનો ગાળીયો મજબૂત થયો છે. દર મહીને ઔદ્યોગિક એકમો અને વાહનચાલકો પાસેથી રૂ. ૬ લાખથી વધુ ખંખેરી તેમના આકાઓને સાચવતો હોવાના ગંભીર આરોપ લાગ્યા છે. જ્યારે દરરોજ રાત્રે મોડાસામાંથી પરપ્રાંતિય વાહનોને પસાર થવા દેવાની નક્કી કરેલી રકમ બમણી કરતાં રાજસ્થાનના વાહનમાલિકોએ ગાંધીનગર વિઝીલન્સ કમિશનરને રજૂઆત કર્યાની ગરમાગરમ ચર્ચા પ્રકાશમાં આવી છે.

જિલ્લામાં બહુમાળી ભવનમાં ફરજ બજાવતો ધવલ અનેકને ડબામાં ઉતારવાનો મહારથી ખેલાડી બની ગયો છે. કહેવાય છે કે તેના બે ફોલ્ડરીયા કિશન-દિપક મારફતે ઉઘરાણા તથા બપોરે ઔદ્યોગિક એકમમાં પહોંચી રૂ. ૫૦ હજારથી ૧ લાખનું માંગણુ કરી રહ્યો છે. તેના કોલ ડીટેઈલ્સ તથા પાછલા ૨૦ દિવસના લોકેશન મેળવવામાં આવે તો કચેરીમાં હાજર રહેવાના બદલે બાયડ-સાઠંબા-વડાગામ-ધનસુરા-મોડાસામાં તેની હાજરીના પુરાવા મળે. જાહેર રજાના દિવસે પણ એક નદી કિનારાના ઔદ્યોગિક ગૃહમાં પહોચી માથે હાથ ફેરવીને અમદાવાદ ગયાની ગરમાગરમ ચર્ચા છેડાઈ છે. ભ્રષ્ટાચારી ધવલને બદલીની ગંધ આવી જતાં હડકાયા કૂતરાની માફક ઉઘરાણા માટે દોડમ દોડ શરૂ કરતાં હવે ભ્રષ્ટાચારીને કોણ બચાવશે તેવા સંવાદ શરૂ થયા છે.

## દુ:ખદ અવસાન



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

બાયડ : ખેડબ્રહ્મા તાલુકાના વરતોલ ગામના વિનોદભાઈ પટેલ(એકાઉન્ટન્ટ : આરડેક્તા ઈજનેરી કોલેજ, ખેડબ્રહ્મા) અને હર્ષદભાઈ પટેલનાં માતા નાથીબેન નારાયણભાઈ પટેલનું નિધન થયું છે. સ્વર્ગસ્થના નિધનથી આંજણા પાટીદાર સમાજ તેમજ ગામમાં શોક છવાયો હતો.